**આનંદાલય**

**અર્ધવાર્ષિક પરીક્ષા**

**ધોરણ – ૭**

**વિષય : ગુજરાતી** **કુલ ગુણ : 30**

**તા: ૧૩.૦૯.૨૦૨૫** **સમય : ૧ કલાક 30 મિનિટ**

**પ્રશ્ન:૧ નીચે આપેલ ગદ્યાંશ વાંચીને પ્રશ્નોનાં જવાબ લખો.** **(૪×૧=૪)**

વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધખોળોએ માનવ જાતને અનેક સુખ સુવિધાના સાધનો આપ્યા છે. આ સાધનોએ માનવજીવનમાંથી શારીરિક શ્રમનું મૂલ્ય મહત્વ ઘટાડી દીધું છે. આ સાધનોએ માણસજાતને આળસુ અને ભોગવાદી બનાવી દીધી છે. ભાગદોડ વાળી જીવનશૈલીને અનેક માનસિક સંઘર્ષોએ આચાર, વિચાર, અને આહાર-ભોજનપદ્ધતિની સાદી સાત્વિક રીતભાતને જડમૂળથી બદલી નાંખી છે. આહારવિહાર અને બદલાયેલી જીવનશૈલીની સીધી અસર માનવ શરીર પર પડી રહી છે. આંતકવાદ અને ગ્લોબલ વોર્મિંગની જેમ મેદસ્વિતા પણ વિશ્વવ્યાપી સમસ્યા બની ગઈ છે. બધી જ રીતે સમર્થ ગણાતું અમેરિકા પણ અમેરિકનો માં વધતી સ્થૂળતાથી ચિંતિત અને લાચાર છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે સ્થુળતાની સમસ્યા કેટલી ગંભીર છે. વિદેશોમાં તો જાડિયાઓને દંડ કરવામાં આવે છે. નોકરીમાંથી કાઢી મૂકવાના દાખલાઓ પણ દૈનિક સમાચાર પત્રમાં છપાતા હોય છે. ગંભીર બાબત તો એ છે કે યુવા પેઢી અને ટીનેજરોમાં સ્થૂળતા એટલી હદે વધતી જાય છે કે ઘડીભર આપણને એમ લાગે કે આ યુવાઓ છે કે ‘ મદનિયા ’ ! દિવસે અને દિવસે વધતા જતા સ્થૂળતાના રોગના કારણો અને નિદાનો–ઉપચારો જાણવાની આજે જરૂરીયાત છે.

૧ કઈ શોધખોળોએ માનવજાતને સુખ આપ્યું છે ?

૨ આહારવિહાર અને બદલાયેલી જીવન શૈલીની અસર શેના પર થાય છે ?

3 આજની વિશ્વવ્યાપી સમસ્યા કઈ છે ?

૪ આજની યુવા પેઢી કેવી છે ?

**પ્રશ્ન:૨ સુચના મુજબ લખો**

**(અ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દ વડે પૂરો અને ફરીથી લખો.** **(૨×૧=૨)**

૧ અમદાવાદનું જુનું નામ ________હતું, જે પાછળથી કર્ણાવતી પડ્યું.

૨ આજે લોકો મારા આ બંને વિષયોના __________ ને અનુસરે છે.

**(બ) નીચે આપેલા શબ્દોના બે સમાનાર્થી શબ્દો લખો.** **(૨×૧=૨)**

૧) બાદશાહ ૨) શરીર

**(ક) નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દો લખો.** **(૨×૧=૨)**

૧) ભક્ત ૨) સર્જન

**(ડ) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને સાચી જોડણી લખો.** **(૨×૧=૨)**

૧) નીપૂણતા ૨) શોરયકથા

**પ્રશ્ન:3 (અ) નીચે આપેલા પ્રશ્નોના એક બે વાક્યમાં જવાબ લખો.** **(૪×૧=૪)**

૧ સરદાર પટેલ ધન્યવાદને પાત્ર કેમ છે **?** તે તમારા શબ્દોમાં લખો.

૨ 'ધૂપસળી' બનીને કવિ શું કરવાનું કહે છે**?**

3 ગુરુએ કઈ નદી કિનારે શહેર વસાવવા કહ્યું હતું **?**

૪ આઈસ્ટાઈન પાસે કોણ જતું હતું **?**

**(બ) નીચે આપેલા પ્રશ્નોના જવાબ મુદ્દાસર લખો.** **(૩×૨=૬)**

૧ કોઠીમાંથી મળેલી લાશના ખૂનીને સજા કેવી રીતે મળી **?**

૨ આઈસ્ટાઈને કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી **?**

3 સંસાર કોના ગુણ ગાય છે અને કેમ ?

**પ્રશ્ન:૪ નીચે આપેલી કાવ્ય પંક્તિનો અર્થવિસ્તાર કરીને લખો.** **(૨×૨=૪)**

૧ ભક્ત સુદામા અને કૃષ્ણના મૈત્રી ભાવ ભુલાય નહી,
વૈષ્ણવજન તો તેને રે કહીએ, નરસૈયો વિસરાય નહીં.

૨ તમારી જ્યોત બુઝાવવા ઘણા મેદાનમાં પડશે,
તમારો ટેક સાચવવા, બીજા કહે તે ગળી જાજો.'

**પ્રશ્ન:૫ નીચે આપેલા કોઇપણ વિષય ઉપર નોંધ લેખન કરો.** **(૪)**

અમદાવાદ શહેરનો ઈતિહાસ લખીને, અમદાવાદ શહેરમાં આવેલા જોવાલાયક સ્થળોના નામ લખો.

**અથવા**

મહેનત કરીને સફળ બનેલા વ્યક્તિઓના નામની યાદી તૈયાર કરીને કોઈપણ એક સફળ વ્યક્તિના જીવન વિશે નોંધ લેખન કરો.